





## શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટમાં સ્પોર્ટસ ડે અને આઈ-૩ સેલનું ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ભાટ ખાતે સ્પોર્ટસ ડે નિજાનંદ-૨૦૧૭ અને આઈ-૩ સેલનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. આ સ્પોર્ટસ ડે અને આઈ-૩ સેલનું ઉદ્‌ઘાટન દિપ પ્રાગટ્યુ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં જયમીન શાહ (ડાયરેક્ટર, દેવ આઈ.પી.ટી.એલ.), પ્રજ્ઞેશ મેસરિયા (ઈન્ડીયન ઓલિમ્પિક કોચ), રામકૃષ્ણ સ્વામી, અક્ષરપ્રકાશ સ્વામી, ધર્મેશ વંડરા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓ દ્વારા મશાલ લઈ બાઈક પર પરેડ કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓને સંબોધતા વિદ્યાર્થીઓમાં ખેલદિલી ટીમ સ્પિરટ સાથે શાસક્ત અને સ્વસ્થ સમાજ બને તેવી શુભેચ્છા પાઠવી હતી. આ સપ્તાહમાં એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓ ક્રિકેટ, વૉલીબોલ, ફૂટબોલ, કબડ્ડી, બેડમિન્ટન, દોડ, ચેસ, ખોખો જેવી રમતોમાં ભાગ લેશે. આ પ્રસંગે સ્વામીએ વિદ્યાર્થીઓમાં ખેલદિલી, ટિમસ્પિરટ સાથે શસક્ત અને સ્વસ્થ સમાજ બને તેવી શુભેચ્છા પાઠવી હતી.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ડિયર... કાલે તો વેલેન્ટાઈન ડે પુરો થઈ જશે... કાલ તો બહાર જવા દઈશને...??

# શહેરમાં બેવડી ઋતુને પગલે શરદી-ખાંસીના દર્દીઓમાં વધારો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી બેવડી ૠતુનો અનુભવ નાગરીકો કરી રહ્યા છે. શહેરમાં બપોરના સમયે પંખા અને એસી શરુ કરવા પડે તેવી સ્થિતિ સર્જાય છે. જયારે સાંજ ઢળતાં જ ઠંડીનો ચમકારો અનુભવાય છે. જેને પગલે શહેરની હોસ્પિટલમાં છેલ્લા અઠવાડીયામાં શરદી-ખાંસીના દર્દીઓમાં ચિંતાજનક વધારો થવા પામ્યો છે. શહેરના ખાનગી દવાખાનામાં પણ દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે.

ઉનાળાની આકરી ગરમીનો અહેસાસ શહેરમાં બપોરના સુમારે થવા પામે છે. ઉતર ભારતના વિસ્તારોમાં આવેલા બર્ફીલા પવનોની અસર નહીવત થઈ ગઈ છે. પવનની દિશા બદલાતા શહેરના નાગરીકો પણ ઉનાળાનો અનુભવ કરી રહ્યા છે. શહેરમાં બપોરના સમયે ઘરમાં પંખા, એસી તેમજ એર કુલર શરુ




કરવાનો પ્રારંભ કેટલાક નાગરીકોએ કરી દીધો છે. શહેરમાં હવે ધીમે ધીમે દિવસ લાંબો થતો જાય છે તેમજ રાત ટુંકી પડતી જાય છે. પરંતુ છેલ્લા થોડા સમયથી શહેરના વાતાવરણમાં બદલાવ જોવા મળ્યો છે. આ બદલાવને પગલે શહેરના નાગરીકો બેવડી ૠતુનો અનુભવ કરી રહ્યા છે. જેને પગલે ગાંધીનગરાઓ શરદી તેમજ ખાંસીનો ભોગ બની રહ્યા છે. ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં શરદી ખાંસી ના દર્દીઓમાં વધારો થવા પામ્યો છે.

જયારે નગરના ખાનગી દવાખાનામાં પણ દર્દીઓ ભારે માત્રામાં નજરે પડી રહ્યા છે. શહેરમાં વાતાવરણના બદલાવને કારણે નાગરીકોના શરીર પર સીધી અસર જોવા મળે છે. જેને પગલે વિવિધ બિમારીઓના નાગરીકો ભોગ બન્યા છે. જયારે શરદી-ખાંસીના દર્દીઓ ઉપરાંત સામાન્ય તાવ, માથું દુખવું, શરીર ઝકડાઈ જવું, આંખોમાં બળતરા થવી સહિતનો સમાવેશ થાય છે. શહેરની હોસ્પિટલમાં અત્યારે હાલના સમયે શરદી-ખાંસીના દર્દીઓમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે.

## ધોળાકુવામાં મંદિર પાસે જુગાર રમતા ત્રણ પકડાયા

### ૨૪૫૦ના રોકડ મુદ્દામાલ સાથે ત્રણેય શકુનીઓની ધરપકડ

શહેર નજીક આવેલ ધોળાકુવા ગામમાં રહેતા ત્રણ શખ્સો ગામના મંદિર નજીક ખુલ્લેઆમ જુગાર રમી રહ્યા હોવાની બાતમી ઈન્ફોસીટી પોલીસને મળતા ગઈ સમી સાંજે ડી સ્ટાફની ટીમે દરોડો પાડ્યો હતો. ધોળાકુવા ગામમાં ચંચળ માતાજીના મંદિર પાસે ખુલ્લામાં જુગાર રમી રહેલા વિરજી રાયસંગ ઠાકોર, અમરત જુહા, રાવળ અને દિનેશ મનુ સાધુ મળી ત્રણ શખ્સોની ધરપકડ કરી ઈન્ફોસીટી પોલીસે રૂ. ૨૪૫૦ રોકડ જપ્ત કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સમસ્ત ગુજરાત પ્રજાપતિ યુવક મંડળ દ્વારા ૨૬મો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

સમસ્ત ગુજરાત પ્રજાપતિ યુવક મંડળ દ્વારા ૨૬મો જીવનસાથી પસંદગી મેળાનું આયોજન આગામી તા. ૨૬ માર્ચને રવિવારના રોજ બપોરે ૨ કલાકે સાબમતી રીવરફ્રન્ટ બ્લોક એ, ઈવેન્ટ સેન્ટર, ટાગોર હોલ પાછળ પાલડી અમદાવાદ ખાતે યોજાશે.

આ પસંદગી મેળામાં ગુજરાત કે ગુજરાત બહારના પ્રજાપતિ સમાજના યુવક-યુવતિઓ ભાગ લઈ શકશે. જેમાં કુંવારા, વિધવા, વિધુર, ત્યક્તા, છુટાછેડા સહિત સારીરિક ખોડખાંપણ ધરાવતા લગ્ન ઈચ્છુક ઉમેદવારો ભાગ લઈ શકશે. આ મેળામાં ભાગ લેવા ઈચ્છતા પ્રજાપતિ સમાજના યુવક-યુવતિઓએ આગામી તા. ૧૦-૩-૧૭ સુધીમાં ભરીને ૧૫, વિરાટ કોમ્પલેક્ષ સતાધાર બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે સોલારોડ ઘાટલોડીયા ખાતે જમા કરાવવાનું રહેશે. આ નિઃશુલ્ક જીવનસાથી પસંદગી મેળામાં ભાગ લઈ સફળ બનાવવા પ્રજાપતિ યુવક મંડળ દ્વારા અનુરોધ કરાયો છે.

## ગાંધીનગરના પાર્થ પટેલ એમ.ફિલ થયા

ગાંધીનગરના સે. ૧૩ના પાર્થ પટેલ જેઓ ગુજરાત યુનિવર્સિટીના



ડિપાર્ટમેન્ટ ઓ માસ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમના વિદ્યાર્થી છે તેમણે 'નરેન્દ્ર મોદી : એક કોમ્યુનિકેટર' વિષયે શોધ નિબંધ પ્રસ્તુત કરી એમ.ફિલ. પૂર્ણ કર્યું છે. ડિપાર્ટમેન્ટના વડા ડૉ. સોનલ પંડ્યાના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ આ શોધ નિબંધમાં નરેન્દ્ર મોદીની રાજકીય સફળતામાં તેમની પ્રત્યાયન ક્ષમતાનું સંશોધન કરાયું છે. પાર્થ પટેલે આ કાર્યને સફળ બનાવવા વિવિધ તજજ્ઞોનની મુલાકાત લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં જ રહીને મોટા થયેલા પાર્થ પટેલ છેલ્લા કેટલાય સમયથી મુખ્યમંત્રી કાર્યાલયમાં ફરજ બજાવી રહ્યાં છે. તેમને સાથી કર્મચારીઓ, સ્નેહીજનો, મિત્રો તથા પરિવારજનો અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી રહ્યાં છે.

## ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારીની જગ્યા ભરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યના પંચાયત વિભાગે આજે મોડી સાંજે ૪૨ એ.ટી.ડી.ઓ.ને ટી.ડી.ઓ. તરીકે બઢતી અને ૩૨ જેટલા ટી.ડી.ઓ.ની બદલીના હુકમો જારી કર્યા છે.

આજે મોડી સાંજે જારી કરાયેલા આ હુકમોમાં ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા ભરવામાં આવી છે.

વડગામ તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજો બજાવતા રમીલાબેન પરમારની બદલી ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી તરીકે કરવામાં આવી છે. જો કે હજુ માણસા અને દહેગામ તાલુકા વિકાસ અધિકારીની જગ્યા ખાલી રહેવા પામી છે.

## એલડીઆરપીના વિદ્યાર્થીઓ દ્વારા વેલેન્ટાઈન ડે ની અનોખી ઉજવણી

### કૈલાસધામના વૃદ્ધો સાથે કેક કાપી જીવનજરૂરી ચિજવસ્તુઓનુ વિતરણ કર્યું : વડીલો સાથે વાતો કરી વડીલોના મન હળવા કર્યા હતા

ગાંધીનગર, તા. ૧૪

દર વર્ષે ૧૪ ફેબ્રુઆરી પ્રેમના પ્રતિક સ્વરૂપે 'વેલેન્ટાઈન ડે'ની ઉજવણી વિશ્વભરમાં કરવામાં આવે છે. આ દિવસ માત્ર પ્રેમીયુગલ, મિત્રો તથા યુવાન લોકો સુધી જ કોલેજના પ્રો. ડૉ. એસ.કે. મંત્રાલાના માર્ગદર્શન હેઠળ એમબીએ કોલેજના સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓ દ્વારા પેથાપુર મુકામે આવેલ 'કૈલાસધામ - વૃદ્ધાશ્રમના વડીલો સાથે ઉજવણી કરવામાં આવી હતી. કાપવામાં આવી હતી.

એલડીઆરપી એમબીએના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ ગણ મિત્રોને વૃદ્ધાશ્રમના વ્યક્તિઓએ પોતાના સુખ-દુઃખની વાતો કરી મન હળવુ કર્યુ હતુ. તેઓએ કડી સર્વ વિશ્વ



સિમીત થઈ ગયો છે. આ મર્યાદાને દૂર કરવા અને તેના મૂળ સ્વરૂપના ઉદાહરણ પુરૂ પાડવા 'ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત એલડીઆરપી એમબીએ

વૃદ્ધાશ્રમના વડીલો માટે વિશેષ 'કેક' તથા બીજી જીવન જરૂરી ખાદ્ય વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. સવારે ૯.૩૦ કલાકે વૃદ્ધાશ્રમના વડીલો દ્વારા 'કેક'

વિદ્યાલયનો આભાર વ્યક્ત કર્યો હતો તથા અવારનવાર મુલાકાત લેતા રહેજો કહી વિદ્યાર્થીઓ, સ્ટાફમિત્રો અને સંસ્થાને સફળતા અને ઉજ્જવળ બનાવવાના આશિર્વાદ આપ્યા હતા.



## શ્રમિકોને ફુડ પેકેટ આપી વેલેન્ટાઈન ડે ની અનોખી રીતે ઉજવણી

સમગ્ર વિશ્વમાં ૧૪ ફ્રેબુઆરીને વેલેન્ટાઈ ડે તરીકે ઉજવવામાં આવે છે. પ્રેમના પ્રતિક સમાન વેલેન્ટાઈન ડે અત્યારે હાલ માત્ર પ્રેમી પંખીડા, મિત્રો, તેમજ યુવાવર્ગ માટે સિમિત થઈ ગયો છે. ત્યારે ગાંધીનગર લાયન્સ કલબના સભ્ય અને પૂજન ડાન્સ કલાસના સંચાલક પ્રજ્ઞાબેન ગજજર દ્વારા વેલેન્ટાઈન ડે ની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તેઓએ સેકટર- ૧, ૨ અને ૭ ના શ્રમિક વિસ્તારમાં રહેતા ગરીબ બાળકોને ૧૦૦ જેટલા ફુડ પેકેટનું વિતરણ કરીને અનોખી રીતે વેલેન્ટાઈન ડે ની ઉજવણી કરવામાં આવી હતી. આ સેવાકાર્યમાં તેઓની સાથે તેમની દિકરી પણ જોડાઈ હતી.

## ગાંધીનગર જિલ્લાના વિદ્યાર્થીઓના પડતર પ્રશ્નોનું નિવારણ મુદ્દે એબીવીપી દ્વારા કુલપતિને રજુઆત

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લામાં આવેલ યુજી અને પીજીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્પર્શતા પ્રશ્નો છેલ્લા ઘણા સમયથી પેન્ડીંગ છે. ત્યારે આ બધા પડતર પ્રશ્નોનો ઝડપી ઉકેલ આવે તે માટે અખિલ ભારતીય વ્યવસ્થા કરવામાં આવે, ગાંધીનગર સાયન્સ કોલેજ એસ.વાય. થી ટી.વાય. કેમેસ્ટ્રી થી બાયોલોજી શરુ કરવામાં આવે, માણસા સાયન્સ કોલેજમાં એસ.વાય.થી ફીઝીકસ ચાલુ કરવામાં આવે તે સહિતના પ્રશ્નોનો સમાવેશ કરાયો છે. ત્યારે



વિદ્યાર્થી પરિષદ દ્વારા ગુજરાત યુનિવર્સિટીના કુલપતિને આવેદન આપી રજુઆત કરી છે.

ગાંધીનગર જિલ્લાની કોલેજમાં વિદ્યાર્થીઓના પ્રશ્નો છેલ્લા ઘણા સમયથી પડતર છે. જેમાં યુજીના સેમેસ્ટર ૧ થી ૪ અને પીજીના ૧ થી ૨માં પૂરક પરિક્ષા લેવાની શરુઆત કરવામાં આવે, લો કોલેજ ગ્રાન્ટેડમાં સીટોનો વધારો કરવામાં આવે, યુજીના વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટની આ વર્ષોથી પડતર પડેલા પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવા ગુજરાત યુનિવર્સિટીના કુલપતિને આવેદન પત્ર આપી રજુઆત અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગાંધીનગરના સંયોજક કિરણ છેડા અને કાર્યકતાઓએ કરી છે. ગાંધીનગર જિલ્લાની કોલેજના પ્રશ્નો અંગે વારંવારની રજુઆત છતા સત્વરે નિરાકરણ નહી આવે તો એબીવીપી દ્વારા ઉગ્ર લડત આપવામાં આવશે.

## ભોગવટા પ્રમાણપત્ર આપવા સામે મનાઈ હુકમથી અરજદારોને હાલાકી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં ભોગવટા પ્રમાણપત્ર, દંડ અને વારસાઈ જેવા કેસોમાં સુપ્રિમ કોર્ટ મનાઈહુકમ ફરમાવેલો હોવાથી છેલ્લા ૩ વર્ષથી આ કામગીરી અટકી પડી છે. મનાઈહૂકમના પગલે આ કામગીરી અટકી ગઈ હોવાથી અરજદારોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

ગાંધીનગરના સરકારી કર્મચારીઓ, અસરગ્રસ્તોને વિવિધ સેક્ટરોમાં પ્લોટ ફાળવવામાં આવ્યા છે. આ ઉપરાંત જુના સેક્ટરો જેવા કે સેક્ટર-૨૧, ૨૨, ૨૮, ૨૯, ૨૩ અને ૨૦માં ઘણા પ્રાઈવેટ પ્લોટ ધારકો પણ છે. જૂના સેક્ટરોમાં ફાળવવામાં આવેલ પ્લોટ માટે જે તે વખતે ટાઉન પ્લાનીંગમાંથી ભોગવટા પ્રમાણપત્ર મેળવવાની કાર્યવાહી કરવામાં આવતી હતી પરંતુ શહેરમાં હજુ એવા ઘણા કેસ છે જેના ભોગવટા પ્રમાણપત્ર લેવાના શરતચૂકથી રહી ગયા હોય. આવા કેસોમાં કલેક્ટર કચેરીની જમીન ફાળવણી શાખામાં અરજી કરવાની હોય છે. ભોગવટા પ્રમાણપત્ર મેળવવાની કામગીરી, તેના દંડ વસુલવાની કામગીરી અને વારસાઈની કામગીરી જમીન ફાળવણી શાખામાંથી જ કરવામાં આવે છે. આ તમામ કાર્યવાહી સામે હાલમાં સુપ્રિમ કોર્ટનો મનાઈહુકમ છે. જેના કારણે છેલ્લા ત્રણ વર્ષથી આ કામગીરી અટકી ગઈ છે. આ બાબતનો નિર્ણય લેવાતો ન હોવાથી અરજદારો છેલ્લા ઘણા સમયથી ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ બાબતે સુપ્રિમ કોર્ટ તરફથી અને સરકાર તરફથી ઝડપી નિર્ણય લેવાય તેવી વસાહતીઓ રજૂઆત કરી રહ્યા છે.

## કડવા પાટીદાર સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

કડવા પાટીદાર સમાજ, ઉમિયા માતાજી સંસ્થાન સેકટર-૧૨ ખાતે તાજેતરમાં વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં સમાજના ૬૦થી વધુ વિદ્યાર્થીઓનું મેડલ અને પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું. આ પ્રસંગે સમાજના ભાઈ-બહેનો માટે સુંદર લોક સાહિત્યના જાણકાર ઘનશ્યામ ગઢવીનો લોક ડાયરો યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાઈ બહેનો હાજર રહ્યા હતા.




કાર્યક્રમની શરૂઆત બાળાઓના સ્વાગત-ગીત તથા માતાજીના દિપ પ્રાગટ્યથી કરવામાં આવ્યુ હતુ. સમાજના પ્રમુખ ભરતભાઈ પટેલ દ્વારા આમંત્રિત મહેમાનો-દાતાઓ ટ્રસ્ટીઓનું શાબ્દિક તેમજ પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે ધોરણ-૧૦થી પીએચડી સુધીના ૬૦ જેટલા સમાજના તેજસ્વી તારલાઓનું આમંત્રિત મહેમાનો દ્વારા સિલ્વર મેડલ તેમજ પ્રમાણપત્ર એનાયત કરી શુભેચ્છા પાઠવવામાં આવી. સમાજના મહામંત્રી ભોળાભાઈ પટેલે સંકુલ ખાતે બનતા નવા ઉમા યાત્રિક ભવનની રૂપરેખા તથા ઉપયોગીતા વિશે માહિતી આપી.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, કલેકટર સતિષભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગભાઈ દેસાઈ, મનપાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ, મુખ્યદાતા બળદેવભાઈ (કેનેડા), દાતા વી.પી. પટેલ (યુએસએ), કનુભાઈ પટેલ (કેનેડા), શહેર પ્રમુખ મહેન્દ્રદાસ, પૂર્વ શહેર પ્રમુખ મુકેસભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ગાંધીનગર શહેરમાં વસતા અગ્રગણ્ય નાગરિકો ખુબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોએ તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરી શિક્ષણનું મહત્વ સમજાવી, માતા-પિતાનો શ્રમ, ધગશ અને ચિવટ તેમની તેજસ્વીતામાં સમાયેલ હોવાનું જણાવી ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

સમારંભના અંતે સમાજના શિક્ષણ સમિતિના ચેરમેન શિવાભાઈ પટેલે આભારવિધિ કરી હતી. જ્યારે પાર્થ પટેલ દ્વારા સમસ્ત કાર્યક્રમનું સુંદર સંચાલન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ઘનશ્યામ ગઢવી દ્વારા લોકડાયરાની સુંદર જમાવટ કરી લોકોને ખુશ કરી દીધઆ હતા.